

# બિહારમાં જેડીયુની હાર

નવી દિલ્હી,તા. ૫

ભાજપે ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠક પર પેટા ચૂંટણીમાં જીત મેળવીને જોરદાર સપાટો બોલાવ્યો છે ત્યારે નરેન્દ્ર મોદીનો જોરદાર વિરોધ કરી રહેલા બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને મોટો ફટકો પડ્યો છે કારણ કે બિહારના મહારાજગંજ લોકસભાની બેઠક પર જેડીયુને મોટો ફટકો પડ્યો છે. જેડીયુની આ બેઠક પર હાર થઈ છે. બિહારમાં મુખ્યમંત્રી નીતિશકુમારને પછડાટ મળતા રાજકીય સમીકરણો બદલાવવાની શક્યતા છે. જેડીયુના ઉમેદવાર પીકે શાહીની આરજેડીના ઉમેદવાર પ્રભુનાથસિંહ સામે હાર થઈ હતી. આરજેડીના સાંસદ ઉમાશંકરસિંહના મોત બાદ અહીં પેટા ચૂંટણી યોજાઈ છે. આરજેડીના વડા લાલુપ્રસાદ યાદવે કહ્યુ હતુ કે રાજયના લોકો નીતિશ કુમાર સરકારની રાજનીતિથી ત્રાસી ગયા હતા. તેમણે ઉમેર્યુ હતુ કે આ પરિણામ નીતિશકુમારની સામે છે. બિહારમાં જેડીયુના પતનની શરૂઆત થઈ ચુકી છે. બીજી બાજુ પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીના તૃણમૂલ કોંગ્રેસે હાવડા લોકસભા બેઠક જીતી લીધી છે. તૃણમૂલના ઉમેદવાર પ્રસુન્ન બેનર્જીએ હાવડા લોકસભા બેઠક તેમના નજીકના હરિફ સીપીઆઈએમના ઉમેદવાર શ્રીદીપ ભટ્ટાચાર્યને હરાવીને જીતી લીધી છે. ૨૭૦૦૦ના મત અંતરથી જીત મેળવી છે. ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. ટીએમસીના નેતા અને પંચાયત પ્રધાન સુબ્રતા મુખર્જીએ કહ્યુ છે કે ચૂંટણી પરિણામથી આગામી મહિનામાં યોજાનારી પંચાયત ચૂંટણી પહેલા પક્ષને પ્રોત્સાહન મળશે.

## મહિન્દ્રા દ્વારા પણ નાની કાર વેરિટો વાઈબ લોન્ચ

નવી દિલ્હી,તા. ૫

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ પણ હવે નાની કારની સ્પર્ધામાં બજારમાં આવી જતા આવનાર દિવસોમાં કાર કંપનીઓ વચ્ચે સ્પર્ધા વધુ તીવ્ર બને તેવી સંકેત દેખાઈ રહ્યા છે. ભારતમાં સૌથી મોટી સ્પોર્ટસ યુટિલિટી ગાડીઓ બનાવતી મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ હવે દેશના નાનકડા કાર બજારમાં એન્ટ્રી કરી લીધી છે. તેના વર્ચસ્વ ધરાવતા એસયુવીના પ્રભાવમાં હાલમાં ઘટાડો થયા બાદ હવે નાનકડી કારના બજારમાં પણ એન્ટ્રી કરી છે.

મહિન્દ્રાએ વેરિટો વાઈબ નામની કાર લોન્ચ કરી છે. આની સાથે જ અન્ય કાર બનાવતી કંપની મારુતિ સુઝુકી લિમિટેડ અને દક્ષિણ કોરિયાની હ્યુડાઈ મોટર સામે મોટો પડકાર ફેંકી દીધો છે. આ બંને કાર બનાવતી કંપનીઓ બ્રાન્ડેડ કાર કંપનીઓ તરીકે સ્થાપિત થઈ ચુકી છે. આવી સ્થિતિમાં મહિન્દ્રા સામે પણ પડકાર રહેશે. સેડાનની કોમ્પેક્ટ કાર ધરાવતી વેરિટો વાઈબની કિંમત ૫.૬૩ લાખ રૂપિયા રહેશે જે તેના પેસેન્જર વાહનોમાં સૌથી સસ્તી હોવાનું જાણવા મળી રહ્યુ છે. ૧૬ અબજ ડોલરની ફ્લેગશીપ કંપની મહિન્દ્રાની એસયુવી કારનું વેચાણ વધારે થાય છે. પરંતુ આ સેગમેન્ટમાં તેની હિસ્સેદારી છેલ્લા વર્ષમાં ૪૮ ટકા સુધી ઘટી છે.

## આજથી ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત

લંડન,તા. ૫

જેની ક્રિકેટ ચાહકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે વિશ્વકપ બાદની સૌથી મોટી ક્રિકેટ સ્પર્ધા આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી આવતીકાલથી શરૂ થઈ રહી છે. પ્રથમ મેચમાં ભારત અને આફ્રિકા વચ્ચે જંગ ખેલાશે. આની સાથે જ આ ચેમ્પિયનશીપની શરૂઆત થશે. આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી આવતીકાલથી શરૂ થયા બાદ ૨૩મી જૂન સુધી ચાલશે. યજમાન દેશ તરીકે ઈંગ્લેન્ડ હોવાથી ઘર આંગણે જીત મેળવવા માટે તેના ઉપર પણ ખૂબ દબાણ છે. બંને ગ્રૂપમાં એક સમાન તાકાત ધરાવતી ટીમો હોવાથી કોઈપણ ગ્રૂપ નબળું છે તેમ કહીં શકાય નહીં. ગ્રૂપ એમાં યજમાન ઈંગ્લેન્ડ ઉપરાંત ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ અને શ્રીલંકા જેવી ટીમો છે. જ્યારે ગ્રૂપ બીમાં ભારતની સાથે તેના પરંપરાગત હરીફ પાકિસ્તાનને રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝ જેવી ટીમો છે. ભારતે પોતાની બંને અભ્યાસ મેચ જીતીને પોતાની



કુશળતા સાબિત કરી દીધી છે. છેલ્લી બે ચેમ્પિયન્સ ટ્રોફી જીતી જનાર ઓસ્ટ્રેલિયા સામેની સોફિયા ગાર્ડન ખાતે રમાયેલી મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયા ઉપર ૨૪૩ રને અભૂતપૂર્વ જીત મેળવી હતી. ભારત તરફથી દિનેશ કાર્તિકે ૧૪૦બોલમાં ૧૮૬ રન ફટકાર્યા હતા જ્યારે ધોનીએ છ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે તોફાની ૯૧ રન બનાવ્યા હતા. જો કે ટોપ ઓર્ડરના બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા. બીજી બાજુ ઓસ્ટ્રેલિયાની બેટિંગ સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ હતી. યુવા ખેલાડીઓથી સજ્જ ઓસ્ટ્રેલિયાની ટીમ માત્ર ૬૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.ભારત તરફથી બોલિંગમાં પણ યાદવે ૧૮ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી અને તરખાટ મચાવ્યો હતો. ઈશાંત શર્માએ પણ ત્રણ વિકેટ ઝડપી હતી. બંને પ્રદર્શનિય મેચ સાબિત કરે છે કે ભારતીય ટીમ જોરદાર ફોર્મમાં છે. હાલમાં આઈપીએલમાં ખેલાડીઓ ઉપર આંગળી ઉઠ્યા બાદ જોરદાર તાકાત સાથે ટીમ મેદાનમાં ઉતરશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૫મી જૂને મેચ રમાશે. મોટાભાગની મેચોનું પ્રસારણ બપોરે ત્રણ વાગ્યાથી કરવામાં આવશે જ્યારે કેટલીક મેચોનું પ્રસારણ સાંજે ૫.૩૦ વાગ્યાથી કરવામાં આવશે. આઈસીસી ચેમ્પિયન ટ્રોફીને અબજો ક્રિકેટ ચાહકો નિહાળે તેવી શક્યતા છે. ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ સેમીફાઈનલ મેચ ૧૯મી જૂનના દિવસે અને બીજી સેમીફાઈનલ સોફિયા ગાર્ડનમાં ૨૦મી જૂનના દિવસે રમાશે. ઈંગ્લેન્ડમાં કોઈ અનિચ્છનીય બનાવને ટાળવા માટે તમામ પગલા લેવામાં આવી ચૂક્યા છે. ચેમ્પિયન ટ્રોફીની રોમાંચકતા જાળવી રાખવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં સ્પોટ ફિક્સિંગ અને મેચ ફિક્સિંગને રોકવા માટે આઈસીસીએ બાજ નજર રાખવાની તૈયારી કરી લીધી છે. આઈપીએલમાં સ્પોટ ફિક્સિંગ બાદ આઈસીસી પણ સાવધાન દેખાઈ રહી છે.

### છત્તિસગઢમાં નક્સલવાદી હુમલો એક મોટી હાર : વડાપ્રધાન

## માઓવાદી હિંસાને રોકવા કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સહકાર જરૂરી

નવી દિલ્હી,તા. ૫

આંતરિક સુરક્ષાના મામલે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે યોજાયેલી કેન્દ્ર અને રાજયોના મુખ્યપ્રધાનો વચ્ચેની બેઠકમાં વડાપ્રધાન મનમોહનસિંહે નક્સલવાદી હિંસાનો મુદ્દો ઉઠાવ્યો હતો. વડાપ્રધાને કહ્યું હતું કે લોકશાહીમાં નક્સલી હુમલાઓને કોઈ કિંમતે ચલાવી લેવાશે નહી. માઓવાદી હિંસાને કાબુમાં લેવા માટે કેન્દ્ર અને રાજ્યો હાથ મિલાવે તે જરૂરી છે. જો કે સિંહે કબુલાત કરી હતી કે છત્તિસગઢમાં નક્સલવાદી હુમલો એક મોટી હાર છે. સિંહે કહ્યું હતું કે નક્સલવાદી સમસ્યાને દુર કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો નજીકના સંકલન સાથે કામ કરે તે જરૂરી છે. મુખ્યપ્રધાનોની બેઠકમાં સિંહે છત્તિસગઢમાં હાલમાં કરવામાં આવેલા હુમલાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે આ પ્રકારના હુમલા માટે લોકશાહીમાં કોઈ સ્થાન નથી. કેન્દ્ર અને રાજ્યોને સાથે મળીને લડવાની જરૂર છે. આ પ્રકારના હત્યાકાડ ફરી ન સર્જાય તે માટે સાવધાનીપૂર્વક સાથે મળીને આગળ વધવાની જરૂર છે. સિંહે કબુલાત કરી હતી કે છેલ્લા બે વર્ષમાં નક્સલવાદી હિંસાની ઘટનાઅને તેમાં થતા મોતની સંખ્યામાં ઘટાડો થયો છે. નક્સલવાદીઓ મોટા પ્રમાણમાં શરણાગતિ સ્વીકારી રહ્યા છે. પરંતુ છત્તિસગઢ જેવા મોટા હુમલા અમારા માટે ફટકા સમાન છે. મોટા પાયે થતા આ પ્રકારના હુમલાને રોકવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સાથે મળીને કામ કરવાની જરૂર છે.

વડાપ્રધાને કહ્યું હતું કે આ દિશામાં કેન્દ્ર સરકારે પગલા લેવાની શરૂઆત કરી દીધી છે. સિંહે આશા વ્યક્ત કરી હતી કે રાજ્ય સરકારો પણ અમારી સાથે સંપૂર્ણ સહકાર કરશે અને અમારા પ્રયાસોને વધારે અસરકારક બનાવશે. તેમણે કહ્યું હતું કે માઓવાદીની સામે સક્રિયતાથી સતત અભિયાન ચલાવવાની સાથે સાથે માઓવાદીગ્રસ્ત વિસ્તારોમાં વિકાસ અને શાસન સાથે જોડાયેલા મુદ્દાના સમાધાન માટે બેસ્તરીય રણનિતીને વધારે મજબુત કરવાની જરૂર છે. સિંહે કહ્યું હતું કે માઓવાદીગર્સત વિસ્તારોમાં સુરક્ષા અને ગુપ્તચર વ્યવસ્થાને મજબુત કરવાના પ્રયાસોની સાથે સાથે અમને આ બાબત પર પણ ધ્યાન આપવુ જોઈએ કે આવા વિસ્તારોમાં રહનાર લોકો શાંતિ અને સુરક્ષાના વાતાવરણમાં રહે. વિકાસના પ્રયાસોથી લોકોને લાભ થઈ રહ્યો છે તેવી ખાતરી કરવી જોઈએ. સિંહે કહ્યું હતું કે નક્સલવાદી પડકારોને પહોંચી વળવા માટે રણનિતી પર રાષ્ટ્રીય સમંતિ સાધવા માટે સરકારે ૧૦મી જુને સર્વપક્ષીય બેઠક બોલાવી છે.

## પંજાબમાં ત્રાસવાદને ફરી સજીવન કરવાના પ્રયાસો

નવી દિલ્હી,તા. ૫

કેન્દ્રિય ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેએ આજે કહ્યુ હતુ કે પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ પંજાબમાં શિખ આતંકવાદને પુનઃ સજીવન કરવાના પ્રાયસ કરી રહી છે. આંતરિક સુરક્ષા અંગે પરિષદમાં મુખ્યમંત્રીઓને સંબોધતા શિંદેએ કહ્યુ હતુ કે એવા અહેવાલ મળ્યા છે જે સંકેત આપે છે કે આઈએસઆઈ પંજાબમાં શિખ આતંકવાદને પુનઃ સજીવન કરવાના પ્રયાસમાં છે. પાકિસ્તાનમાં કેટલીક જગ્યાઓ પર આતંકવાદીઓને વિશેષ પ્રકારની તાલિમ આપવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યુ હતુ કે છેલ્લા થોડાક મહિનાઓમાં પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલા લોકોની પુછપરછ અને દેશની પોતાની ઈન્ટેલિજન્સ સંસ્થાઓ પાસે આવેલી બાતમી દર્શાવે છે કે પંજાબમાં આઈએસઆઈ આતંકવાદને સજીવન કરવાના પ્રાયસમાં છે. આઈએસઆઈએ પંજાબમાં શિખ આતંકવાદી સંગઠનો માટે ખતરનાક આરડીએક્સ સહિત હથિયારો, દારૂગોળા અને વિસ્ફોટકો ઘૂસાડવાના પ્રયાસ કરી રહી છે. ગૃહપ્રધાને એમ પણ કહ્યુ હતુકે ગયા વર્ષની સરખામણીમાં જમ્મુ કાશ્મીરમાં સ્થિતિમાં સુધારો થયો છે. જે ખુબ સારી બાબત છે. જેહાદી આંતકવાદી સંગઠનો તરફથી દેશને હજુ પણ ખતરો રહેલો છે. તેમણે ધ્યાન દોર્યુ હતુ કે પડોશી દેશ પાકિસ્તાનમાં આતંકવાદીઓના કેમ્પ હજુ પણ ચાલી રહ્યા છે. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી કેમ્પોની સંખ્યામાં ઘટાડો થયો છે. અગાઉ આતંકવાદી કેમ્પો ૪૨ હતા જે ઘટીને હવે ૨૧ થયા છે. વડાપ્રધાન મનમોહનસિંહ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શિવશંકર મેનન આ બેઠકમાં હાજર રહ્યા હતા.

## સમાચાર ઝલક

- રાજયનાં હવામાનમાં પલ્ટો, અનેક સ્થળોએ જોરદાર વરસાદ, મેઘરાજાની પધરામણીના અણસારો.
- ધાનેરા તાલુકાના ભોજણા ગામનો કરૂણ બનાવ, રવિવારે લગ્ન થયા, સોમવારે ઝાડા-ઉલ્ટીમાં વરરાજાનું મોત.
- ગ્રામીણ આજીવિકા કાર્યક્રમમાં વધુ ગતિ આવશે.
- એપોલો હોસ્પિટલ અમદાવાદે ૮ સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કર્યા.
- મુંબઇમાં ૯મી જૂનથી ચોમાસાનું આગમન થશે.
- આજે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી.
- અફઘાનિસ્તાન મામલે ભારતે અમેરિકા સામે ચિંતા વ્યક્ત કરી.
- દિલ્હીમાં અહેમદ પટેલના નિવાસ પાસેથી એક યુવક પિસ્તોલ સાથે પકડાતાં ખળભળાટ.
- લશ્કરના જવાનોની બેશરમી, ચાલુ ટ્રેનમાંથી ૬ મુસાફરોને નીચે ફેંક્યા.
- ચેક બાઉન્સ હવે ગુન્હો નહિ ગણાય, સેટલમેન્ટથી ઉકેલાશે.
- સંતાનોની ફી ભરવાના પૈસા નહોતા એટલે એક મહિલા બની સરોગેટ મધર !
- દિલ્હીનાં પકડાયેલાં બુકીએ સ્પોટ ફિક્સીંગની રજેરજ માહિતી પોલીસ સમક્ષ ઓકી નાખી.
- હરણ-નીલ ગાય - જંગલી ડુક્કર - ભેંસો દ્વારા દરેક ઋતુમાં ભેલાણ, પાકને નુકશાન.
- ડોલર સામે રૂપિયો તૂટશે, નિકાશકારોની માઠી દશા.
- સ્વાતંત્ર્ય સેનાનીઓની સંખ્યા ઘટવાને બદલે વધતી જાય છે ?
- ચીનમાં સીંગલ મધર પર ભારે દંડ થશે.
- વરસાદનાં આગમન સાથે કેરીના ભાવ તૂટવા લાગ્યા.
- કરૂણાનીધીના ૯૦માં જન્મદિવસે રૂા. ૧૦૦૦ની નોટોનો હાર પહેરાવ્યો.
- ધો-૧૦નું પરિણામ સોમવારે જાહેર થવાની સંભાવના.
- માળીયા હાટીનામાં પુત્રના મોતનાં વિયોગમાં બે કલાકમાં જ માતાનું પણ મોત...
- હિમાચલના માત્ર ૧૫ વર્ષનાં છોકરાએ એવરેસ્ટ સર કર્યું.
- ડાકોરની ગોમતી નદી દૂષિત થતાં યાત્રાળુઓની લાગણી દુભાય છે...

## રાજનીતિમાં સંન્યાસ લેવા માટે અડવાણી પર દબાણ

ભારતીય જનતા પાર્ટીનાં વરિષ્ઠ નેતા તેમજ પૂર્વ ગૃહમંત્રી અડવાણી દ્વારા મધ્યપ્રદેશનાં મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણની પ્રશંસા કરવાના મુદ્દે થયેલા વિવાદને લઈ કોંગ્રેસે ભાજપનાં નેતૃત્વ પર કટાક્ષ કરતાં જણાવ્યું છે કે, હવે એમ લાગી રહ્યું છે કે, વિપક્ષી પાર્ટી ભાજપ લાલકૃષ્ણ અડવાણીને રાજનીતિમાંથી સંન્યાસ લેવા માટે વિવશ કરી રહ્યા છે. કોંગ્રેસી પ્રવક્તા શકીલ અહેમદ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જે રીતે ભાજપ અડવાણી સાથે વ્યવહાર કરી રહ્યું છે તે જોતાં એમ લાગી રહ્યું છે કે, ભાજપ અડવાણીને રાજનીતિમાંથી સંન્યાસ લેવા માટે વિવશ કરી રહ્યું છે. કોંગ્રેસી નેતા મનિષ તિવારીએ કહ્યું છે કે, ભાજપ પાર્ટીમાં આંતરિક ખેંચતાણ કોઈ નવી વાત નથી. ૨૦૧૪માં આવી રહેલી લોકસભા ચૂંટણીમાં લોકો ભાજપને વોટ નહીં આપે અને ભાજપ માટે વિપક્ષની બેંચ સુરક્ષિત રહેશે. મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રવક્તા અનંત ગાડગિલે કહ્યું છે કે, ભાજપમાં આંતરિક ખેંચતાણ ચરમસીમાએ પહોંચી ગઈ છે અને ભાજપ તેને પહોંચી વળતું નથી. ભાજપ પાસે એવા ચાર ચહેરા પણ નથી કે જે લોકોમાં સંપ હોય. મારી દૃષ્ટિએ તો આ પક્ષ ‘ટોપિંગ્સ વગરનો પિઝ્ઝા’ લાગે છે. ગાડગિલે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપમાં આંતરિક ખેંચતાણની વાત કોઈ નવી નથી. ઉલ્લેખનીય છે કે, બીજેપીનાં વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ મધ્યપ્રદેશનાં મુખ્યમંત્રી ચૌહાણની પ્રશંસા કરતાં મોદી તરફી લોકો અને પક્ષમાં તેમનાં સમર્થકોએ તેમનો વિરોધ નોંધાવ્યો છે.

## ફ્રેન્ચ ઓપન : સ્ટાર રોજર ફેડરરની સોંગા સામે હાર

પેરિસ,તા. ૫

ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ હવે રોમાંચક તબક્કામાં પ્રવેશી ગઈ છે. ફ્રેન્ચ ઓપન ટેનિસમાં આજે મોટો અપસેટ સર્જાયો હતો. વધુ એક ગ્રાન્ડ સ્લેમ જીતવાની રોજર ફેડરરની આશા પર જો વિલ્ફ્રેડ સોંગાએ પાણી ફેરવી દીધુ હતું. આની સાથે જ સોંગાએ સેમીફાઈનલમાં આગેકુચ કરી હતી. ક્વાર્ટર ફાઈનલ મેચમાં સોંગાએ ફેડરર પર સીધા સેટો પર ૭-૫,૬-૩, ૬-૩થી જીત મેળવી હતી. આની સાથે જ સોંગા પેરિસમાં પ્રતમ વખત સેમી ફાઈનલમાં પહોંચ્યો છે. વર્ષ ૨૦૦૮ બાદ પ્રથમ વખત કોઈ યજમાન ખેલાડી સેમી ફાઈનલમાં પહોંચ્યો છે. ૨૮ વર્ષીય સોંગા હવે સ્પેનના ચોથા ક્રમાકિત ખેલાડી ડેવિડ ફેરર સામે રમશે. રવિવારના દિવસે ફ્રેન્ચ ઓપનની ફાઈનલ મેચ રમાનાર છે. ગયા વર્ષે પેરિસમાં સોંગાની પાંચ સેટોમાં ચાલેલી રોમાંચક મેચમાં નોવાક જોકોવિક સામે હાર થઈ હતી. રોજર ફેડરરની હાર થતા તેના ચાહકો



નિરાશ દેખાઈ રહ્યા હતા. ફેડરર રોલેન્ડ ગેરોસ ખાતે કેરિયરની ૫૮મી મેચ જીતવા માટે ઉતર્યો હતો. ફેડરર ૩૪મી વખત ગ્રાન્ડ સ્લેમની સેમીફાઈનલમાં પહોંચવાની યોજના ધરાવતો હતો. પરંતુ સોંગા સામે તેની રમત નબળી રહી હતી. ફેડરરે અનેક ભુલો કરી હતી. જેના કારણે તેને હારની કિંમત ચુકવી હતી. ૧૭ ગ્રાન્ડ સ્લેમ જીતી ચુકેલા ફેડરરે ફ્રેન્ચ ખેલાડી પર ૯-૩ની લીડ ધરાવે છે પરંતુ આજે તેની રમત નબળી દેખાઈ રહી હતી. વર્ષ ૨૦૧૧માં વિમ્બલ્ડનમાં પણ બન્ને સામ સામે આવ્યા હતા. ફેડરર મેચ દરમિયાન પાછળ રહી ગયા બાદ વાપસી કરશે તેમ માનવામાં આવી રહ્યું હતું પરંતુ તે વાપસી કરી શક્યો ન હતો.

ગયા વર્ષે ફેડરર તેની ક્વાર્ટર ફાઈનલમાં બે સેટથી પાછળ રહ્યા બાદ વાપસી કરીને જીતી ગયો હતો. વર્ષ ૨૦૦૯માં પણ ટોમી હાસ સામે ફેડરરે આવી જ રમત દર્શાવી હતી. આ વખતે રોજર ફેડરર કોઈ ચમત્કાર કરી શક્યો ન હતો. અન્ય એક મેચમાં ડેવિડ ફેરરે તેના સાથી ખેલાડી ટોમી રોબ્રેડો સામે ૬-૨,૬-૧,૬-૧થી જીતી ગયો હતો.

## સંરક્ષણ પ્રધાન એન્ટોની આજે થાઈલેન્ડ પહોંચશે

નવી દિલ્હી,તા. ૫

સંરક્ષણ પ્રધાન એકે એન્ટોની આવતીકાલે થાઈલેન્ડ પહોંચી રહ્યા છે. તેઓ થાઈલેન્ડના ટોચના નેતાઓ સાથે દરિયાઈ સુરક્ષા, ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમને રોકવામાં સહકાર અને પાયરેસી વિરોધી પગલાઓના મુદ્દા પર વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરશે. દ્વિપક્ષીય વ્યૂહાત્મક સંબંધોને મજબુત કરવાના પાસા પર પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે. એન્ટોની એક દિવસની થાઈલેન્ડની મુલાકાત લેનાર છે. તેમની યાત્રા વડાપ્રધાન મનમોહનસિંહની થાઈલેન્ડ યાત્રા બાદ આવી રહી છે. હાલમાં જ સિંહે થાઈલેન્ડની યાત્રા કરી હતી જે દરમિયાન બંને દેશોએ ઐતિહાસિક પ્રત્યાર્પણ સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા હતા આની સાથે જ કુખ્યાત ગુનેગારોને ભારત લાવવાનો માર્ગ પણ મોકળો થયો હતો.

## હવે યુપી સરકાર દરવાજા સુધી અનાજ પહોંચાડશે

લખનૌ,તા.૫

સાર્વજનિક વિતરણ યોજના (પીડીએસ) અંતર્ગત લોકોનાં ઘર સુધી ખાદ્ય સામગ્રી પહોંચાડવાની જસ્ટીસ વાધવા સમિતિની ભલામણ યુપી સરકારે સ્વીકારી લીધી છે. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને સૂચના આપી છે કે, આ યોજનાને કમ્પ્યુટરરાઈઝ કરવામાં આવે અને એસએમએસ તંત્ર, આરટીજીએસ, કોલસેન્ટર અને ડોરસ્ટેપ ડિલિવરી લાગુ કરવા સંબંધમાં વ્યવસ્થિત પગલાં લેવામાં આવે.

સુપ્રીમ કોર્ટ દ્વારા વાધવા સમિતિની ભલામણો પર તમામ રાજ્યોને જાન્યુઆરીમાં સોગંદનામું દાખલ કરવા માટેની સૂચના આપી હતી. યુપીનાં અન્ન અને પુરવઠા વિભાગના સંયુક્ત સચિવ રમેશચંદ્ર ઉત્તમે સોગંદનામું દાખલ કરીને રેશનિંગ દુકાનોની વ્યવસ્થા ખત્મ કરવાની સમિતિની ભલામણને નકારી છે પરંતુ તેમણે દરવાજા સુધી અનાજ પહોંચાડવા સંગ્રહ ક્ષમતા વધારવાની, અનાજને લાવવા-લઈ જવા માટેની વ્યવસ્થા તેમજ ટેકનિકલ મશીનો દ્વારા તેને તેનું વજન કરવાની વ્યવસ્થા, દેખરેખ અને વિશ્વસનીયતા જેવી ભલામણો પર સહમતી દર્શાવી છે. જોકે સરકારે સ્પષ્ટ કર્યુ નથી કે, આવું ક્યાં સુધી ચાલશે. યુપી સરકારે રેશનકાર્ડની વ્યવસ્થાને મજબુત કરવાની ભલામણનો પણ સ્વીકાર્ય કર્યો છે. બીપીએલ તેમજ અંત્યોદય અન્ન યોજના અંતર્ગત આપવામાં આવેલાં કાર્ડની તપાસ કરવામાં આવી રહી છે અને જેનાં કારણે ૩,૮૩,૩૫૦ નકલી કાર્ડ રદ્દ કરવામાં આવ્યા છે. સસ્તા ભાવની દુકાનની વ્યવસ્થા લાગુ કરવા માટેની સમિતની ભલામણ માટે યુપી સરકારે સહમતિ આપી નથી.

## રાજસ્થાન રોયલ્સના માલિક રાજ કુંદરાની કડક પૂછપરછ

નવી દિલ્હી,તા. ૫

સમગ્ર ભારતીય ક્રિકેટને હચમચાવી મૂકનાર સ્પોટ ફિક્સિંગ કૌભાંડના સંબંધમાં આજે સવારે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા રાજસ્થાન રોયલ્સના માલિક રાજકુંદરાની પૂછપરછ કરવામાં આવી હતી. રાજસ્થાન રોયલ્સની ટીમના ઘણા ખેલાડીઓ તાજેતરમાં જ સ્પોટ ફિક્સિંગના મામલામાં ઝડપાઈ ગયા હતા. આઈપીએસ સ્પોટ ફિક્સિંગ કૌભાંડના સ્વરૂપમાં પ્રથમ વખત આઈપીએલ ટીમના માલિકની પૂછપરછ કરવામાં આવી છે. રાજકુંદરાની કલાકો સુધી પૂછપરછ કરીને સ્પોટ ફિક્સિંગના સંબંધમાં માહિતી મેળવવા પ્રયાસ કરવામાં આવ્યા હતા. બે કલાકથી પણ વધુ સમય સુધી પૂછપરછ કરવામાં આવી હતી. રાજકુંદરાની પૂછપરછ કરવા પાછળ ઘણા કારણો રહેલા છે. એકબાજુ રાજસ્થાન રોયલ્સના



ત્રણ ખેલાડીઓ એસ શ્રીસંત, અજીત ચંડીલા અને અંકીત ચૌહાણની ધરપકડ કરવામાં આવી ચૂકી છે. આ ઉપરાંત ઘણા બધા બુકીઓની પણ તપાસ કરવામાં આવી ચૂકી છે. રાજસ્થાન રોયલ્સની ટીમમાં સ્પોટ ફિક્સિંગના સંબંધમાં ઘણા ખેલાડીઓ શંકાના ઘેરામાં આવ્યા બાદ આ પૂછપરછનો સિલસિલો શરૂ થયો હતો. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ કુંદરા પાસેથી પોલીસ કેટલીક માહિતી મેળવવા ઈચ્છુક હતી જેના ભાગરૂપે તેમની સાથે સંપર્કમાં બુકીઓ અંગે ખેલાડીઓએ કોઈ ચર્ચા કરી હતી કે કેમ તે અંગે માહિતી મેળવવાના પ્રયાસ થયા હતા. ફિક્સિંગના સંબંધમાં કોઈપણ સંકેત ખેલાડીઓએ તેમને આપ્યા હતા કે કેમ તેવા પ્રશ્નો કરવામાં આવ્યા હતા. રાજસ્થાન રોયલ્સના ત્રણ ખેલાડીઓ સ્પોટ ફિક્સિંગના સંબંધમાં ઝડપાઈ ચૂક્યા છે. આ ખેલાડીઓ દિલ્હી ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ સ્પોટ ફિક્સિંગમાં સંડોવણી બદલ તેમની કબૂલાત કરી ચૂક્યા છે.